જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૦૪/૧૦/૨૦૨૩   બુધવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી અને જુગારધારા હેઠળ ઝડપાયાઃ-   સમાચાર યાદી નં.૧૬૩૩/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૨ કેસ કરી, ૨૮ વ્યક્તિઓને ઝડપી, ૨૬૦ લીટર દેશી દારૂ, ૯ બોટલ ઈંગ્લીશ દારૂ, ૪૪ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૨ મોટર સાયકલ અને ૩ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગારધારા હેઠળ ૨ કેસ કરી, ૩ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩૭૪૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-   સમાચાર યાદી નં.૧૬૩૪/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૫૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૨ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

## લુંટઃ-   સમાચાર યાદી નં.૧૬૩૫/૨૦૨૩

**નરોડાઃ** લોકેશસિંહ બ્રજલાલસિંહ ગુર્જર (ઉ.વ.૨૫)(રહે."બાબા પાન પાર્લર" નામની દુકાનમાં, રોયલ આર્કેડ કોમ્પલેક્ષ, નાના ચિલોડા, નરોડા) તા.૦૩/૧૦/૨૦૨૩ બપોરના ૨/૦૦ વાગ્યાના સુમારે નરોડા એસ.પી.રીંગ રોડ રણાસણ ટોલટેક્ષથી રેલવે ફાટક વચ્ચે આવેલ “નાઈટ કાફે” સામેથી મોટર સાયકલ ચલાવી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક એક્ટીવા ઉપર આવેલ બે પુરૂષોએ લોકેશસિંહનુ મોટર સાયકલ અટકાવી બોલાચાલી ઝગડો કરી, લોકેશસિંહના પેન્ટના ખિસ્સામાંથી રોકડ રૂપિયા ૬૦,૦૦૦/- કાઢી લુંટ કરી નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ લોકેશસિંહ ગુર્જર એ નરોડા પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ મ.સ.ઇ.શ્રી અરવિંદસિંહ ભીમસિંહ ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૧૬૩૬/૨૦૨૩**

**નવરંગપુરાઃ** પિંકલબહેન વા/ઓ રોહીતભાઇ પ્રજાપતી (ઉ.વ.૨૮)( રહે,મીનલપાર્ક સોસાયટી શક્તિ ચોક ઓઢવ) એ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૨/૧૦/૨૦૨૩ સાંજના ૪/૦૦ વાગ્યાના સુમારે નવરંગપુરા લો ગાર્ડન ખાતે ચણીયા ચોળી બજારમાં અજાણી વ્યક્તિએ પિંકલબહેનનું પર્સ ચોરી કરી લીધી હતી. જે પર્સમાં સોના-ચાંદીના દાગીના કિમત રૂપિયા ૨,૬૯,૬૦૦/- મતા હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.બી.વાઘેલા ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૬૩૭/૨૦૨૩**

**સોલા હાઈકોર્ટઃ** વિજય સ/ઓ રમેશભાઇ ઠાકોર (ઉ.વ.૨૦) (રહે. ગોતા હાઉસિંગ નગરી પાણીની ટાંકી પાસે ગોતા) એ અગમ્ય કારણસર તા.03/૧૦/૨૦૨૩ બપોરના 3/30 વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે સોલા હાઈકોર્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી કાજલબહેન ગોરધનભાઈ ચલાવે છે.

**નરોડાઃ** સન્ની સ/ઓ રમેશચંદ્ર ચૌહાણ (ઉ.વ.૨૮) (રહે. આત્રેય એલીગન્સ રેલવે ક્રોસિંગ પાસે મુઠીયા નરોડા) એ અગમ્ય કારણસર તા.૦૨/૧૦/૨૦૨૩ સવારના ૯/30 વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે નરોડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી વિજયકુમાર મગનભાઇ ચલાવે છે.

**ગોમતીપુરઃ** જતીન વિઠ્ઠલભાઈ પરમાર (ઉ.વ.૪૨) (રહે. ભારતીયનગર વિવેકાનંદ એસ્ટેટ સામે ગોમતીપુર) એ અગમ્ય કારણસર તા.03/૧૦/૨૦૨૩ બપોરના ૪/૧૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે લાકડાની વળી સાથે દોરી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ગોમતીપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી રાજેશકુમાર પ્રભુદાસ ચલાવે છે.

**રામોલઃ** અનિતાબહેન વા/ઓ મહેન્દ્રભાઇ પટેલ (ઉ.વ.3૫) (રહે. કુલવાડી સોસાયટી મેટ્રો પીલ્લર-૧03 સામે મહાદેવનગર ટેકરા વસ્ત્રાલ) એ અગમ્ય કારણસર તા.03/૧૦/૨૦૨૩ બપોરના ૨/૫૦ વાગ્યા પહેલા પોતાના રહેણાંક ખાતે છતના હુક સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આઅત્મહત્યા કરી હતી. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી અમૃતભાઇ મોહનભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી